# સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

## મોક્ષનું મૂળ કથા છે

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

ખરા મિત્ર કોણ ? તાળીયો પાડીને તમાકું ચોળે એ નહી પણ સાચો મિત્ર કોણ ? જે હરિનો મારગ બતાવે તે. સાચામાં સાચું, સારામાં સારૂં દિવ્ય અમૃત છે કથા. ભગવાનનાં ચરિત્રોનું જે શ્રવણ કરાવે જીવને તે સાચા મિત્ર. અજ્ઞાની જીવને ખબર જ નથી આ કથામાં, ચરિત્રમાં સ્વાદ શું છે, એને જે સ્વાદ ચખાડે છે કે ભાઈ થોડીવાર તો કથામાં બેસ. અજ્ઞાની જીવોને ખ્યાલ ન હોય કથામાં શું આનંદ છે. એકવાર આવો પછી ખબર પડે.

એક ગામમાં પાંચ સંતો ગયા. સત્સંગી ભક્ત બહુ થોડા. બે જ હરિભક્તો હતા. સંતોને કહે છે - ''અહીં રોકાવ અને કાલે અમારી ભિક્ષા સ્વીકારીને જજો.'' સંતોએ તથાસ્તુ કહ્યું. આ ભક્તને વિચાર થયો કે સંતોને ભગવાનના થાળમાં શું આપવું ? બાજુમાં ચાર ભેંસોનો માલિક રહેતો હતો, તે દેસાઈ હતો. એની પાસે જઈને કહે છે - અમારે દૂધ જોઈશે. કેમ આટલું બધું દૂધ લઈ જાવ છો? અમારા સંતો આવ્યા છે. એટલે મહાત્માઓને દૂધ જોઈએ છે તો હું પૈસા નહી લઉં. એમને એમ લઈ જાવ. એ ધર્મભાવના વાળો હતો. સંતો પાસે દૂધ આવ્યું. સંતોએ ગરમ કરી મેળવી નાંખ્યું. દહીં બનાવ્યું અને બીજે દિવસે સવારે એ દહીંને ઝોળીમાં લટકાવ્યું, શિખંડ બનાવવા માટે. પેલા દેસાઈને થયું. સાધુ-મહાત્મા આવ્યાં છે આજે મેં દૂધ આપ્યું છે એટલે જાઉં તો ખરો. થોડો સત્સંગ થશે, સાધુની વાણી સાંભળવા મળશે.

સંતો મંદિર નહોતું એટલે ઘેર ઉતરેલા. ખૂણામાં ઝોળી લટકતી જોઈ એટલે કહે છે, આ શું છે ? તમારૂં આપેલું દૂધ, અરેરે મારું દૂધ બગાડ્યું ! આ શું કરો છો ? જોયા કરો. એક સંત કથા વાંચતા હતા અને બીજા સંતે ઝોળી ઉતારીને અંદર ખાંડ નાખી ઘુંટી નાખ્યું અને શિખંડ તૈયાર થયો. આ દેસાઈનું મગજ બગડી ગયું. અરર.... સાધું એટલે સાધુ. ભલું થયું સાધુ થયા. ઘેર હોત તો ઘર બગાડત. આ સાધુ થયા તે મારૂં દૂધ બગાડ્યું. આ કેવું સારૂં ચોખ્ખું દૂધ આપ્યું, આખું દૂધ બગાડ્યું. આમણે તો ઘૂંટા કરી દૂધના લોંદેલોંદા કરી નાંખ્યા. ન તો દૂધ રહેવા દીધું કે ના તો ઘી બનાવ્યું ત્યાં તો થોડી વારમાં ભગવાનનો થાળ ધરાયો. ''જમો થાળ જીવન જાઉં વારી....'' અને ભક્તોએ કહ્યું... સ્વામીજી! આ દેસાઈ અમારી બાજુમાં રહે છે. અને ભાવથી દૂધ આપ્યું છે. પૈસા નથી લીધા. સંતો કહે છે, રોકો, જરા પ્રસાદ લેતા જાય. સંતોએ પ્રસાદી આપી. તો આ દેસાઈ કહે છે, આવું બધું બગાડેલું અમે ન ખાઈએ. અમે તો તોંસળું ભરીને દૂધ પી જઈએ. પણ આવો બગાડેલો ઘૂંટો અમને નો ભાવે. પણ ભગવાનનો પ્રસાદ છે. થોડોક તો ચાખો, હરિનો પ્રસાદ છે. અને સંતોનું માન રાખવા જાણે ચાખતો હોય એમ શિખંડમાંથી જરા આંગળી ભરી મોઢામાં મુક્યો તો આંખો પહોળી કરી દીધી. લાવો.... લાવો...... લાવો.... અને પાંચસો-સાતસો ગ્રામ જેટલો શિખંડ માગીને ખાઈ ગયો. પાછી હોજરી મજબૂત હોય એટલે વાંધો ન આવે. પાછો કહે, બાપુ ! તમે અઠવાડું રોકાવ, દરરોજ આવો ઘુંટો કરો. પછી તો જ્યારે જ્યારે એ હરિભક્તો મળે ત્યારે કહેતો કે તમારા સ્વામીજી આવવાના છે ? જ્યારે જોઈએ ત્યારે દૂધ મારી પાસેથી લઈ જજો. અને આવો ને આવો ઘુંટો બનાવજો. શિખંડ દાઢમાં ચોંટી ગયો. જ્યાં સુધી એણે ચાખ્યો નહોતો ત્યાં સુધી અભાવ હતો પણ આપ્યો ત્યારે એમ થયું આમાં તો બહુ જલસા છે, બહુ સ્વાદ છે.

મિત્રો ! જ્યાં સુધી આ જીવાત્માએ કથા રસ ચાખ્યો નથી ત્યાં સુધી એનો મહિમા નહી સમજાય. પણ એકવાર સાચા દિલથી સત્સંગ-કથાનો આસ્વાદ લીધા પછી એના વગર ચાલશે જ નહી. સ્વામિનારાયણ ભગવાને કથાનો મહિમા સમજાવતાં કહ્યું કે દરરોજ ભગવાનના મંદિરમાં જવું અને --

**"કાર્યાસ્તસ્ય કથાવાર્તા, શ્રવ્યાશ્ચ પરમાદરાત્"**

- શિક્ષાપત્રી શ્લોક ૬૪

દરરોજ ભગવાનના મંદિરમાં જવું અને ભગવાનની કથા-વાર્તા પરમ આદર થકી કરવી અને સાંભળવી. આટલી નોની વાતમાં એ દેસાઈનું કલ્યાણ થઈ ગયું એટલે સત્સંગી માત્રે યાદ રાખવા જેવું સૂત્ર એ છે કે મોક્ષનું મૂળ કથા છે.

●

## સર્વસ્વનું દાન

- નારાયણ વી. જાની (ગાંધીનગર)

મિત્રો ! આવો આપણે આજે વ્યવહારની ભાષા અને પ્રેમની ભાષાને સમજીએ. વાત એમ છે કે શ્રીમદ્ ભાગવતના દશમ સ્કંધમાં કૃષ્ણ જન્મ સમયે નંદબાવાએ ભૂદેવોને બે લાખ ગાયો દાનમાં આપી એમ લખ્યું છે. આ વાત વાંચી કે સાંભળીને મનમાં તરત જ વિચાર આવે કે નંદ બાવાએ બે લાખ ગાયો જો દાનમાં આપી તો એમની પાસે કેટલી બધી ગાયો હશે ! વળી એમ પણ પ્રશ્ન થાય કે આટલી બધી ગાયો બાંધવા કેટલી મોટી ગામ જેવી જમીન હશે !

પણ એક વાત બહુ ધ્યાનથી વિચારવા જેવી છે કે ભાષા બે પ્રકારની હોય છે. એક વહેવારની ભાષા અને બીજી પ્રેમની ભાષા.

એક વતા એક બરાબર બે થાય. આ વહેવારની ભાષા છે. પણ પ્રેમની ભાષા બહુ અનોખી છે. તેને સમજવા માટે આપણે પણ પ્રેમી થવું પડે. વહેવારની ભાષામાં ગણતરીનું ખૂબ મહત્વ છે. અને પ્રેમની ભાષામાં અંતરના ભાવનું ઘણું મહત્વ છે. આ ઉપરની બાબતને પ્રેમની ભાષાની રીતે મુલવીએ તો બે લાખ ગાયો દાનમાં આપી તેનો ભાવાર્થ એવો કરી શકાય કે પુત્રના જન્મનો નંદબાવાના હૃદયમાં એવો ઉમળકો હતો એવો ભાવ હતો કે તેમણે ભૂદેવોને હૃદયના ભાવ સાથે જાણે બે લાખ ગાયો દાનમાં આપી હોય તેટલી ખુશી, તેટલું સમર્પણ તેમના હૃદયમાં હતું.

સૌથી મોટી વાત એ છે કે આવી ભાવનાવાળા માણસો અને આવી ભાવનાને સમજવા વાળા માણસો બંને કળિયુગના પ્રભાવમાં ઘટવા લાગ્યા છે. પણ જો આપણે એવા સાચા ભાવ વાળા હોઈએ અને ભગવાનની કૃપાથી એવું સાચું ઠેકાણાની પ્રાપ્તિ થાય તો તે તેમની પાસે કરેલ દાન કે સમર્પણ ઉગી નીકળે છે.

એકવાર મહારાજ ગઢડામાં વિરાજમાન હતા. સભામાં કથા-વાર્તા, સત્સંગની વાતો ચાલતી હતી. તે સમયે એક ભૂદેવ આ સભામાં આવ્યા અને જ્યાં જગ્યા હતી ત્યાં બેસી ગયા. સભા ચાલું હોય ત્યારે કોઈ વચ્ચે આવે, લાતો મારી ને આગળ આવીને બેસે તે મહારાજને જરાય ગમતું નહી. આ ભૂદેવને મહારાજની પ્રકૃતિની ખબર હતી તેથી ચાલુ સભામાં પગે લાગવા ન આવતા. સભામાં યથાસ્થાને બેસી ગયા. થોડીવાર પછી સભા પૂર્ણ થઈ ત્યારે આ ભૂદેવે આવી મહારાજના ચરણ સ્પર્શ કર્યા અને પોતાની પાઘડીની ગાંઠો ખોલવા લાગ્યા. આ પાઘડી જાણે આ ભૂદેવની પરિસ્થિતિનો અહેસાસ કરાવી રહી હોય તેમ તેમાં દસથી પંદર જેટલી ગાંઠો મારેલી હતી. ત્રણ-ચાર ગાંઠ ખોલી ત્યાં એક રૂપિયો હાથ આવ્યો. અને એ રૂપિયાનું સમર્પણ એમણે હરખાતા હૈયાથી શ્રીહરિના ચરણોમાં કર્યું.

કૃપાળુ પરમાત્મા તો સર્વાન્તર્યામી છે. તેઓ આ ગરીબ ભૂદેવની પરિસ્થિતિને જાણતા હતા એટલે તરત જ બોલ્યા હે ભક્તરાજ ! હે ભૂદેવ ! તમે આ રૂપિયો અમારા ચરણે સમર્પિત કરી દીધો એના કરતાં એમાંથી સારી પાઘડી ખરીદી હોત તો ? જુઓ તો ખરા આ તમારી પાઘડી કેટલી બધી જર્જરીત થઈ ગયેલી છે.

ત્યારે ભૂદેવ બોલ્યા હે મહારાજ ! તમારી પાસે કેટકેટલાય હરિભક્તો આવે છે અને કાંઈને કાંઈ સમર્પણ કરે છે. આ જોવું છું ત્યારે મારા મનમાં પણ સદાય એવી ઝંખના રહેતી હોય છે કે હું પણ મારા ઈષ્ટદેવના ચરણે કાંઈક સમર્પણ કરૂં પણ મારી પાસે કાંઈ જ હતું નહી જે આપના ચરણે સમર્પિત કરી શકું. પરંતુ હમણાં દસ-પંદર દિવસ પહેલાં એક શેઠે એમના ઘરે ભૂદેવોને બોલાવીને જમાડ્યા હતા. એ શેઠે મને પણ બોલાવેલો અને જમાડ્યા પછી એણે સહુ ભૂદેવોને એક એક રૂપિયો દક્ષિણા આપી એ આ રૂપિયો છે. જેવી આ દક્ષિણા મળીને મારા મનમાં સંકલ્પ થયો કે આ હું આપના ચરણે સમર્પિત કરીશ એટલે એને મારી પાઘડીમાં સાચવી રાખ્યો હતો. અને આજે એ

અનુ. પેજ નં. ૨૮ પર

મારો સંકલ્પ પૂર્ણ થયો. હું ધન્ય થઈ ગયો મહારાજ હું ધન્ય થઈ ગયો.

ભૂદેવે જ્યારે આ વાત કરી ત્યારે મુક્તાનંદ સ્વામી પણ ત્યાં જ બેઠા હતા. મહારાજે મુક્તાનંદ સ્વામીને કહ્યું, સ્વામી ! આ ભૂદેવે સર્વસ્વનું દાન કર્યું છે. એમની પાસેની જે કાંઈ પણ મૂડી ગણો તે આ એક રૂપિયો અને તેમણે એ અમારા ચરણે સમર્પિત કરી દીધો. આ થઈ પ્રેમની ભાષા.

મિત્રો ! આ વાત પરથી જરૂર સમજાય કે ભૂદેવનું સર્વસ્વનું દાન એ પ્રેમની ભાષા છે. હૈયાના હેતથી જે સમર્પણ કરવામાં આવે તે જમીનમાં વાવેલી ગોટલી બરાબર છે. એમાંથી મોટું વૃક્ષ થાય અને સમયાંતરે તેમાંથી ફળની પ્રાપ્તિ થાય.